ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૪ ડીગ્રી
લઘુતમ : ૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૭૭ ટકા

ગાંધીનગર તાપમાન

કોરોનાનો ડર ભૂલી શહેરીજનોનું પ્રી ટૂર પેકેજ બુકીંગ શરૂ

ગાંધીનગર, તા.૨૨

કોરોના કાળનો હવે ધીમે ધીમે અંત આવશે તેમ લાગી રહ્યું છે. કોરોનાની રસી પણ શોધાઈ ગઈ છે અને ધીમે ધીમે ટ્રાયલ પણ લેવાઈ રહી છે ત્યારે હવે શહેરીજનોએ રાહતનો શ્વાસ લીધો છે અને દસ મહિના જેટલો સમયગાળો થવા આવ્યો છે કે શહેરીજનો શહેરની બહાર ગયા નથી. સ્કૂલો પણ હાલ ઓનલાઈન ચાલે છે અને વર્ક ફ્રોમ હોમની ફલેકસીબલીટીને કારણે ગમે ત્યાંથી ઓફિસનું કામ સંભાળી શકાય છે ત્યારે હવે શહેરીજનો વેકેશન પર જવાનો પ્લાન કરી રહ્યા છે. આ ઉપરાંત લગ્ન સિઝન પણ કમુર્હુત પછી જામી છે. એટલે કપલ પેકેજ પણ ઘણી ઓફર સાથે શહેરની ટૂર ટ્રાવેલ્સ કંપની કે પ્રાઈવેટ ટૂર એન્ડ ટ્રીપનું આયોજન કરતી કંપની દ્વારા લોભામણી જાહેરાત આપવામાં આવી રહી છે.

શહેરીજનોએ ગયા વર્ષના માર્ચ મહિનાથી લગભગ તહેવારોની પણ ઉજવણી કર્યા વગર કોરોનાને કારણે ઘરમાં જ દિવસો પસાર કર્યા છે ત્યારે હવે ધીમે ધીમે કોરોનાનો ભય દૂર થતા શહેરીજનો શહેરની બહાર જવા માટે તત્પર બન્યા છે. શહેરના ટૂર ટ્રાવેલ્સના સંચાલકો દ્વારા પણ હાલના દિવસોમાં ડિસ્કાઉન્ટ પેકેજ બહાર પાડવામાં આવી રહ્યા છે. સાથે લગ્નસરાની મોસમ શરૂ થતા કપલ ટૂર પેકેજ માટે ખાસ મનાલી, ગોવા, માલદીવ્સ હોટ ફેવરીટ છે. આ ઉપરાંત ગયા વર્ષ દરમિયાન તીર્થયાત્રા પણ થઈ નથી ત્યારે શહેરના વૃધ્ધો અને મોટાઓ માટે અત્યારથી જ ટૂર ટ્રાવેલ્સ દ્વારા અમૂક પેકેજ નક્કી કરાયા છે. જેમાં શિરડી, ઉજ્જૈન, કચ્છ-ભૂજ, માઉન્ટ આબુ-અંબાજી, દ્વારકા, સોમનાથ, દીવ-દમણના પેકેજીસ બહાર પાડવામાં આવ્યા છે. જેમાં ૩-૪ દિવસ રહેવા જમવા સાથે એક માણસ દીઠ લગભગ ૩ થી ૪ હજાર રૂપિયા લેવાય છે. આ ઉપરાંત ભારતદર્શન કેરાલા, ગોવા, દિલ્હી, શિમલા-મનાલી, મસૂરી જવા માટે યુવાનો તથા પરિવારો ઉત્સુક જણાઈ રહ્યા છે. અમુક ટૂર કંપની દ્વારા પર્સન્લાઈઝડ ટૂર પણ એરેન્જ કરી અપાય છે જેથી કલાયન્ટની પસંદગીનું ધોરણ પણ જળવાઈ રહે. આમ, કોરોનાના ડરને ધીમે ધીમે ભૂલતા શહેરીજનો હવે સોશિયલ મિડીયામાં નજીકના જ દિવસોમાં ગોવા, શિમલા, મનાલી કે દીવ-દમણના ફોટા પોસ્ટ કરતા દેખાશે ખરા...!!

કોરોનાની પકડ ઢીલી પડતાં જ સેનેટાઈઝર ડિસ્પેન્સર્સ બંધ ...!!

નવા સચિવાલયના કેટલાંક બ્લોકમાં લગાડાયેલા સેનેટાઈઝર ડિસ્પેન્સર્સ બંધ હાલતમાં

ગાંધીનગર, તા.૨૨

કોરોના કાળના પ્રારંભ સાથે સેનેટાઈઝરની બોલબાલા વધી જવા પામી હતી અને સરકાર દ્વારા પણ સેનેટાઈઝરનો ઉપયોગ કરવા વારંવાર તાકીદ સાથે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ સાથે સરકાર દ્વારા ગાંધીનગરમાં નવા સચિવાલયના તમામ બ્લોકમાં પ્રવેશ દ્વારા લીફટની બાજુમાં જ મશીનને હાથ લગાડયા વગર જ હાથમાં સેનેટાઈઝર આવી જાય તેવા સેન્સરવાળા ઓટોમેટિક સેનેટાઈઝર ડિસ્પેન્સર્સ લગાડવામાં આવ્યા છે. જો કે હવે રાજયમાં કોરોનાની પકડ ઢીલી પડતાં જ આ મશીનની ઉપયોગિતા જાણે નામ માત્રની રહી હોય તેવી ઉપેક્ષા કરવાની શરૂઆત થઈ ચુકી છે અને સચિવાલયના કેટલાંક બ્લોકમાં આ સેનેટાઈઝર ડિસ્પેન્સર્સ કયાંતો ઈલેકટ્રોનિક ખામી કે અન્ય કારણોસર બંધ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

નવા સચિવાલયમાં સ્વર્ણિમ સંકુલ-૧ની સામેના બ્લોક નં.૪ ખાતે સેનેટાઈઝર ડિસ્પેન્સર બંધ હાલતમાં શોભાના ગાંઠિયાની જેમ જોવા મળતા કર્મચારીઓ જેઓ પોતાને કોરોના સંક્રમણથી બચાવવા માંગે છે જેના કારણે બ્લોકમાં પ્રવેશતાં અને બહાર નીકળતા બંને સમયે પોતાના હાથ સેનેટાઈઝ કરી લેવાની આદત કેળવી ચુકયા છે તેમને આશ્ચર્ય થયું હતું. આ સાથે બ્લોકમાં સરકારી કામકાજ અર્થે આવતા મુલાકાતીઓ પણ ડિસ્પેન્સર નીચે હાથ ધરી ભોંઠા પડતા જોવા મળ્યા હતા. આ અંગે કેટલાંક મુલાકાતીઓ અને કર્મચારીઓએ ઓળખ છુપાવવાની શરતે તેમણે જણાવ્યું હતું કે સચિવાલયના અન્ય કેટલાંક બ્લોકમાં વિવિધ ફલોર પર આ પ્રકારની પરિસ્થિતિ જોવા મળી રહી છે. કેટલીક જગ્યાએ પગેથી પેડલ દબાવીને હાથ સેનેટાઈઝ કરી શકાય તેવા સાદા સેનેટાઈઝર ડિસ્પેન્સર્સ મુકેલા છે જેમાં સેનેટાઈઝરની બોટલ ખાલી હોય તેવી સ્થિતિ પણ જોવા મળી રહી છે.

સ્પે. ચિલ્ડ્રન્સ હોમના બાળકો માટે કાઉન્સિલિંગ રૂમનું ખાત મુહૂર્ત કરાયુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સેકટર-૧૯માં સ્પેશ્યિલ ચિલ્ડ્રન્સ હોમ ખાતે ''સાયબેજ આશા'' કંપની દ્વારા કાઉન્સિલિંગ રૂમના નિર્માણનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ખાત મુહૂર્ત સ્પે. ચિલ્ડ્રન્સ હોમની સંચાલક સંસ્થા જે.ડી. પટેલ, પ્રગતિ ફાઉન્ડેશનના સ્થાપક ચેરમેન અનુપ પરીખ તથા સંસ્થાના ડાયરેકટર તેમજ કાઉન્સિલર દિપાલી ઉપાધ્યાયના

હસ્તે કરવામાં આવ્યું હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે સ્પે. ચિલ્ડ્રન્સ હોમના એચઆઈવી શેરો પોઝિટીવ બાળકોને ઘણીવાર પર્સનલ કાઉન્સિલિંગની જરૂરિયાત રહે છે જે માટે આ સુવિધા ખુબજ ઉપયોગી સાબિત થશે. આ કાઉન્સિલિંગ રૂમના નિર્માણ માટે શહેરના મેયરની ગ્રાન્ટમાંથી ફંડ ફાળવવામાં આવ્યું છે.

સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત કચરાના યોગ્ય નિકાલ માટે જનજાગૃતિ અભિયાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 'સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૧' અંતર્ગત ભીના તથા સૂકા કચરાનું વર્ગીકરણ કરી યોગ્ય નિકાલ કરવા માટે જનજાગૃતિ અભિયાન તથા જનસંખ્યા સમાધાન ફાઉન્ડેશન દ્વારા 'જનસંખ્યા નિયંત્રિત કાનૂન' તેમજ 'મહિલા રોજગાર તેમજ મહિલા આરોગ્ય' વિષયક એક કાર્યક્રમનું આયોજન સેકટર-૧૩માં શ્રી લીબચ માતા મંદિર ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વિનોદ ઉદેચા દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની યુવા અને ખાસ તરીકે મહિલાઓને પગભર થવાની વિવિધ યોજનાઓની ઊંડાણપૂર્વક માહિતી અપાયેલ તથા સખીમંડળોના નિર્માણ થકી મહિલા ઉત્કર્ષ અને વિધવા સહાય પેન્શન અંગે તેમજ સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૧ અંતર્ગત ભીના અને સૂકા કચરા તથા કચરા કમ્પોસ્ટ સાથે સાથે ભારત દેશમાં વસ્તી વિસ્ફોટ થકી વધતી જતી જનસંખ્યાના કારણે ઉદભવેલ સમસ્યાઓને પગલે દેશમાં 'જન નિયંત્રિત કાનૂન' તત્કાલીન ધોરણે સંસદના બંને ગૃહમાં બહુમતીથી પસાર કરી સમગ્ર દેશમાં સમાન ધોરણે લાગુ કરવા અંગેની ઉગ્ર માંગને દોહરાવતા સર્વેને આ આંદોલનમાં જોડાવા હાકલ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના સેનિટેશન સુપ્રિટેન્ડેન્ટ સંદીપસિંહ ગોહિલ, વેટરનરી ઓફિસર મૌલિક પટેલ, જનસંખ્યા સમાધાન ફાઉન્ડેશનના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ વિનોદ ઉદેચા, મહિલા સચિવ સોનલ કંસારા, વિજય ત્રિવેદી, નરેન્દ્ર મોદી વિચાર મંચ અમદાવાદ જિલ્લા અધ્યક્ષ સુરેશ ગોસ્વામી વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

સંદીપસિંહ ગોહિલ દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૧ અંગે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સ્વચ્છતા તેમજ જન નિયંત્રિત કાનૂન અભિયાનમાં જોડાવા અંગે ઉપસ્થિત સર્વેએ સમૂહમાં શપથ ગ્રહણ કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા સેનેટરી ઈન્સ્પેકટર સુનીલ સોલંકી, સબ સેને. ઈન્સ્પેકટર અશોક મકવાણા તથા સ્ટાફગણ તેમજ જનસંખ્યા સમાધાન ફાઉન્ડેશનના સચિવ છાયા ખરાડી, યુવા પ્રદેશ અધ્યક્ષ મયુર પટેલ સહિત હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી.

નિવૃત આઈએએસ અધિકારી સાથે ઓનલાઈન ૪.૯૦ લાખની છેતરપિંડી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૮ ખાતે રહેતા નિવૃત આઈએએસ અધિકારી પી.એન.રોય ચૌધરી સાથે ઓનલાઈન રૂ.૪.૯૦ લાખની છેતરપિંડી થવા પામી છે. વોડાફોનના કર્મચારીની ખોટી ઓળખ આપી રીચાર્જ પુરુ થઈ ગયુ હોવાનું જણાવ્યું હતું. રીચાર્જ રીન્યુ કરાવવા માટે ફરીયાદીના મોબાઈલમાં ટીમ વ્યુઅર એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. ત્યારબાદ ગણતરીની મિનિટોમાં જ ફરીયાદીના બેંક એકાઉન્ટમાંથી બે ટ્રાન્ઝેકશન થયા અને રૂ.૪.૯૦ લાખ ઓનલાઈન અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ ગયા હતા. બનાવ અંગે પી.એન.રોય ચૌધરીએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૮ પ્લોટ નં.૫૨૬-૨ ખાતે રહેતા નિવૃત અધિકારી પી.એન.રોય ચૌધરી ગત તા.૨૧ જાન્યુઆરીના રોજ સાંજના સમયે તેઓ ઘરે હતા. તે સમયે ૬૨૯૫૫૦૨૮૪૯ નંબર પરથી તેમના પર ફોન આવ્યો હતો. જેમાં શખ્સે પોતાનુ નામ દિપકકુમાર કહીને વોડાફોન કર્મચારી તરીકે ઓળખાણ આપી હતી. ઠગે નિવૃત અધિકારીને રીચાર્જ પુરુ થઈ ગયુ હોવાનુ જણાવી રીચાર્જ કરાવવા માટે ટીમ વ્યુઅર એપ્લિકેશન ડાઉનલોડ માટે જણાવ્યું હતું. એપની મદદથી ઠગ શખ્સે પહેલા રૂ.૧૦ નું રીચાર્જ કર્યું હતું. ત્યારબાદ ફરીયાદીને રીચાર્જના કન્ફરમેશન અંગે પુછતા તેમણે ના પાડી હતી. જેતી ઠગે અન્ય ફોનથી ફોન કરીને નિવૃત અધિકારીને તેમના ફોન પર ફરી ટીમવ્યુઅર ઓપન કરવા માટે જણાવ્યું હતું.જેથી તેઓએ અન્ય ફોન થી વાત કરીને ટીમ વ્યુઅર ખોલ્યું હતું. એપ્લીકેશન ખુલતા જ તેમના બેંક એકાઉન્ટમાંથી બે ટ્રાન્ઝેકશનમાં રૂ.૪,૯૦ લાખ ઉપડી ગયા હોવાનો મેસેજ આવ્યો હતો. નિવૃત અધિકારીને છેતરપિંડી થઈ હોવાનુ ખ્યાલ આવતા તાત્કાલીક ફોન બંધ કરીને કાર્ડ કાઢી લીધુ હતુ. બેંકમાં પણ જાણ કરીને એકાઉન્ટ ફ્રીજ કરાવી દીધુ હતું. બનાવ અંગે નિવૃત અધિકારીએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ફોન નંબરના આધારે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભાજપ દ્વારા વોર્ડ નં.૫ની પેજસમિતિની રચના સંદર્ભે સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલ સાહેબની સુચના અનુસાર ગાંધીનગર મહાનગરના તમામ ૮ વોર્ડ, પેથાપુર નગરપાલિકા અને નવા સમાવિષ્ટ ૧૮ ગામોની પેજસમિતિ બનાવવાનું કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે.

આજ રોજ ગાંધીનગર મહાનગરના અધ્યક્ષશ્રી ઋચિરભાઈ ભટ્ટની અધ્યક્ષતામાં લિબંચમાતા મંદિર સે-૧૩ ખાતે વોર્ડ નં.૫ ની પેજસમિતિની રચના સંદર્ભે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

ગાંધીનગર મહાનગરના અધ્યક્ષ ઋચિરભાઈ ભટ્ટે વોર્ડ નં.૫ ના કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે આગામી સમયમાં આવી રહેલી મહાનગરની ચુંટણીમાં આ પેજસમિતિઓ ભાજપાને વિજયી બનાવવામાં મહત્વનો ભાગ ભજવશે તેમને વોર્ડના તમામ બુથોની પેજસમિતિઓ સમયસર પૂર્ણ કરી દેવાની તાકીદ કરી હતી.

ગાંધીનગર મહાનગરના મહામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, ઉપપ્રમુખ અને પેજસમિતિના ઈન્ચાર્જશ્રી ઉરેનભાઈ પટેલ તથા ગૌરાંગભાઈ વ્યાસ અને શ્રી કેતનભાઈ પટેલે પેજસમિતિની રચના અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરના અધ્યક્ષશ્રી ઋચિરભાઈ ભટ્ટ, વોર્ડ પ ના પ્રમુખ નિલેશભાઈ મહેરીયા સહિત મહાનગર તથા વોર્ડના કાર્યકરો હાજર રહ્યા હતા.

મનપાના જન્મ-મરણ વિભાગના કર્મચારીને કોંગ્રેસના કોર્પોરેટરે લાફો માર્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગર પાલિકા ફરીવાર ચર્ચાનો વિષય બની છે. મહાનગર પાલિકાના જન્મ-મરણ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીને કોંગ્રેસના કોર્પોરેટરે લાફો માર્યો હતો. જેને પગલે મનપામાં ફરજ બજાવતા કર્મચારીઓમાં ભય ફેલાયો હતો. ત્યારે લાફા પ્રકરણ અંગે સેકટર-૭ પોલીસ મથકે કર્મચારી ફરીયાદ નોંધાવતા જતા કોંગ્રેસના હોદેદારોએ દરમિયાનગીરી કરીને કર્મચારીને મનાવી લીધા હતા

મળતી માહિતી મુજબ ગાંધીનગર મહાનગર પાલિકામાં ભોંયતળીયે જનસેવા કેન્દ્ર આવેલુ છે. જેમાં જન્મ-મરણના દાખલાની કામગીરી સબ રજીસ્ટ્રાર જશવંતભાઈ પંચાલ કરે છે. શહેરના એક યુવકને વિદેશ જવાનું હોવાથી જન્મના દાખલા રહેલી ખામી દુર કરાવવા માટે જનસેવા કેન્દ્ર ખાતે જતો હતો. પરંતુ ફરજ પરના કર્મચારી દ્વારા યુવકને ધક્કા ખવડાવતા હોવાનું ચર્ચાઈ રહ્યું હતું.જેથી યુવકે વોર્ડના કોર્પોરેટર ચિંમન વિંઝુડાનો સંપર્ક કર્યો હતો. કોર્પોરેટર દ્વારા ફોન કરીને દાખલામાં સુધારો કરવા માટે જણાવ્યું હતું. જેથી ફોન પર બંન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેથી કોંગ્રેસના કોર્પોરેટર તાત્કાલીક મનપા કચેરી ખાતે પહોંચ્યા હતા. જનસેવા કેન્દ્ર ખાતે પણ કર્મચારી-કોર્પોરેટર વચ્ચે ઉગ્ર શબ્દોની મારામારી થઈ હતી. જેથી ઉશ્કેરાયેલા કોર્પોરેટર ચિમન વિંઝુડાએ જશવંત પંચાલને તમાચો મારી દીધો હતો. આ સમયે હાજર કર્મચારીઓ અને અન્ય વ્યકિતઓએ વચ્ચે પડીને મામલો શાંત પાડ્યો હતો.જયારે કર્મચારીએ લાફા માર્યો તે અંગે મનપાના કમિશનરે વાત કરી હતી. જેથી કમિશનરે આ પ્રકારનું વર્તન ચલાવી ન લેવાય તેમ કહીને ફરીયાદ નોંધાવવા માટે જણાવ્યું હતું. જેને પગલે કર્મચારી ફરીયાદ નોંધાવવા માટે સેકટર-૭ પોલીસ મથકે પહોંચ્યા હતા. પરંતુ કોંગ્રેસના હોદેદારો વચ્ચે પડીને દરમિયાનગીરી કરતા કર્મચારીને મનાવી લીધા હતા. જેથી આ મુદ્દે કોઈ ફરીયાદ નોંધાઈ ન હતી.

'કોવીડ એ મોટો શિક્ષક' વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલીત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે તા. ૧૬મી જાન્યુઆરી નિમિત્તે કોરોનાની મહામારીને ધ્યાને રાખીને 'કોવીડ એ મોટો શિક્ષક' વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં હોસ્પિટલના તમામ વિભાગના અધિકારી-કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. નિયતિબેન લાખાણી અને ડે. આરએમઓ ડૉ. કલ્પેશ જશપરા સહિત નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતિબેન પટેલ, પુષ્પાબેન, ઈવાબેન સહિત ઉપસ્થિત રહ્યા હતા.

આજે શહેરમાં માતૃ શકિત સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૨૨

શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ અભિયાન અંતર્ગત આજે બપોરે ૪ વાગ્યે સે-૭ સ્થિત ભારતમાતા મંદિર ખાતે માતૃ શકિત સંમેલન યોજાશે. જેમાં ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા સર્વે શહેરીજનોને અપીલ કરવામાં આવી છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પરમાર ધર્માજી રામસંગજી, ઉ.વ. ૮૦, પ્રતાપનગર, તા. માણસા
- સ્વ. વાઘેલા અર્જુનસિંહ હિમ્મતસિંહ, ઉ.વ. ૭૨, લિમ્બોદ્રા, તા. માણસા
- સ્વ. જયોત્સનાબેન રમેશભાઈ ઠાકોર, ઉ.વ. ૫૫, સાદરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર રઈજીજી આતાજી, ઉ.વ. ૫૫, શિહોલી મોટી, તા. ગાંધીનગર
- સ્વ. પારેખ મંજુલાબેન જયંતિભાઈ, ઉ.વ. ૬૦, સુઘડ, તા.જી. ગાંધીનગર
- સ્વ. જસવંતલાલ શંકરલાલ પાઠક, ઉ.વ. ૮૬, સે-૨૩, ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. ઠાકોર કૈલાસબેન પ્રહલાદજી, ઉ.વ. ૪૩, શાહપુર, તા.જી. ગાંધીનગર

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા સ્વાસ્થ્ય શિબિર સે-૭-ડી યોગા સેન્ટર ખાતે યોજાઈ રહી છે. જેમાં મોટી સંખ્યામાં શહેરીજનો ભાગ લઈ રહ્યા છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા રવિવારના રોજ શિબિર બાદ સ્થળ પર જ સવારે ૭ થી ૯ દરમિયાન નિઃશુલ્ક ડાયાબિટીસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા સર્વે શહેરીજનોને સંસ્થા દ્વારા જણાવાયું છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીઓ આવી રહી હોવાના પડઘમ વાગી રહ્યા છે. આ વખતે આ ચુંટણીમાં નવા રાજકીય સમીકરણો સર્જાવા જઈ રહ્યા છે. જેમાં આમ આદમી પાર્ટી પણ ઝંપલાવી રહી છે. આમના શહેર પ્રમુખ જીતુ પટેલ, ઉપપ્રમુખ આશિષ પટેલ તથા મહામંત્રી વિનોદ પટેલની ઉપસ્થિતિમાં મામા ફોટોગ્રાફર તરીકે જાણીતા રાકેશ ભટ્ટ, હીના ઉપાધ્યાય સાથે જાણીતા ફિલ્મ કલાકાર અખીરાજ ગઢવી આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા.